***મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો***

1. આ ઈટ્ઝકેશ ઇવોલેટ એકાઉન્ટ (સેમિ-ક્લોઝ પ્રીપેઇડ માધ્યમ "ઇવોલેટ") એક વર્ચ્યુઅલ એકાઉન્ટ છે, જે વપરાશકર્તાને તમામ વેપારીઓની વેબસાઇટ પર ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે, જ્યાં ઈટ્ઝકેશ પેમેન્ટ ગેટવે સંકલિત છે. આ ઇવોલેટ એકાઉન્ટનું સંચાલન ચુકવણી અને પતાવટ વ્યવસ્થા ધારા, 2007 અને આ હેઠળ બનાવેલા નિયમો, ભારત (રિઝર્વ બેંક)માં પ્રી-પેઇડ ચુકવણી માધ્યમોની ફાળવણી અને કામગીરી સૂચનો, 2009 ("આરબીઆઈ માર્ગદર્શિકા") અને સમયે સમયે આરબીઆઈ દ્વારા જાહેર થયેલ અને અસ્તિત્વ ધરાવતા જાહેરનામા/માર્ગદર્શનો/સૂચનો/માર્ગદર્શિકાઓ દ્વારા સંચાલિત છે.

2. વપરાશકર્તાએ https://www.itzcash.com/user પર પ્રદાન કરવામાં આવેલા પેજ પર તેમનું નામ, મોબાઇલ નંબર અને ઇમેઇલ આઇડી નાંખીને નોંધણી કરાવવાની જરૂર છે.

3. સફળતાપૂર્વક નોંધણી થતા વપરાશકર્તાને ઝીરો બેલેન્સ ઈટ્ઝકેશ ઇવોલેટ એકાઉન્ટ (એકાઉન્ટ સીરિયર નંબર અને 4 આંકડાનો ટ્રાન્ઝેક્શન પિન ધરાવતો) મળશે અને વપરાશકર્તાને તેના મોબાઇલ અને/અથવા ઇમેઇલ એડ્રેસ પર ખરાઈની પ્રક્રિયા મોકલવામાં આવે છે.

4. વપરાશકર્તા ઈટ્ઝકેશ વર્લ્ડ (આઇસીડબલ્યુ) આઉટલેટ મારફતે લાગુ રજિસ્ટ્રેશન ફી ચુકવણીને પણ નોંધણી કરાવી શકે છે.

5. **યુટિલિટી બિલ્સ અને આવશ્યક સેવાઓ માટે ચુકવણી કરવા માટે આ ઈ-વૅલેટનો ઉપયોગ કરી શકાય છે. નૉન-યુટિલિટી બિલ્સ અને અને બિન-આવશ્યક સેવાઓના કિસ્સામાં, આરબીઆઈ દ્વારા સમયે સમયે નિર્દિષ્ટ કરવામાં આવ્યાનુસાર, કેવાયસી આવશ્યકતાઓના અનુપાલનની શરતે ઈ-વૅલેટનો ઉપયોગ કરી શકાશે. યુટિલિટી બિલ્સ અને આવશ્યક સેવાઓ માટે ચુકવણી કરવા માટે ઈ-વૅલેટનું**

અધિકતમ મૂલ્ય રૂ. 10,000 છે તથા નૉન-યુટિલિટી બિલ્સ અને અને જરૂરી કેવાયસી દસ્તાવેજો સુપરત કર્યા બાદ સર્વ અતિરિક્ત સેવાઓના કિસ્સામાં રૂ. 1,00,000 છે.

6. ઈટ્ઝકેશ ઇવોલેટનો ઉપયોગ રિડેમ્પ્શન, પુનઃચુકવણી, વપરાશ વગેરેના સંબંધમાં સમયેસમયે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા જાહેર થતા નિર્દેશો/સૂચનો/જાહેરનામા/માર્ગદર્શિકા/નિયમનોને આધિન પણ છે અને આ સ્થિતિસંજોગોમાં વપરાશકર્તાની કોઈ જવાબદારી ઈટ્ઝકેશની નથી.

7. ઈટ્ઝકેશ કાર્ડ લિમિટેડની શરતો અને નિયમો ઈટ્ઝકેશ પેમેન્ટ ગેટવે પર આ ઇવોલેટના ઉપયોગ માટે લાગુ રહેશે, જેમાં સમયેસમયે સુધારાવધારા થઈ શકે છે. આ ઇવોલેટનો ઉપયોગ કથિત નિયમો અને શરતોની સ્વીકાર્યતા ધરાવે છે.

8. ઈટ્ઝકેશ ઇવોલેટ 18 વર્ષ પૂર્ણ કરેલ કે તેનાથી વધારે ઉંમર ધરાવતી વ્યક્તિઓ દ્વારા જ મેળવી શકાય છે.

9. ઈટ્ઝકેશ ઇવોલેટનો ઉપયોગ પોતાની વેબસાઇટ પર ઈટ્ઝકેશ પેમેન્ટ ગેટવેની સુવિધા ધરાવતા વેપારીઓ પાસેથી ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી કરવા અસરકારક ચુકવણી માટે ઓનલાઇન વ્યવહારો કરવા થઈ શકે છે.

10. ઈટ્ઝકેશ ઇવોલેટના ઉપયોગ દ્વારા લાભ લેતા લોકોની ઉત્પાદન કે સેવાઓની કામગીરી અને ગુણવત્તા/પ્રમાણ માટે જવાબદાર રહેશે નહીં. ઈટ્ઝકેશ ઇવોલેટના ઉપયોગ દ્વારા મેળવવામાં આવતી ઉત્પાદન/સેવાઓના કોઈ પણ નુકસાન સામે કોઈ વોરન્ટી આપતી નથી.

11. ઈટ્ઝકેશ નિયુક્ત વેપારીઓની વેબસાઇટ પર ઇવોલેટનો ઉપયોગ કરવા પેમેન્ટ ગેવેટ સર્વિસ ફી લઈ શકે છે. સમયેસમયે લાગુ આ કથિત ફી નાણાકીય વ્યવહારના સમયે પેમેન્ટ ગેટવેના પેજ પર દર્શાવવામાં આવશે.

12. આ ઇવોલેટ એકાઉન્ટ પર કોઈ રિડેમ્પ્શન કે રોકડ ઉપાડની મંજૂરી નથી.

13. પ્રતિબંધિત ચીજવસ્તુઓ/સેવા, આતંકવાદી પ્રવૃત્તિઓને ફાઇનાન્સ કરવા, મની લોન્ડરિંગ, લોટરી વિજેતા યોજનાઓ, વિદેશી ચલણમાં સરહદ પાર અને/અથવા વ્યવહારો માટે ઈટ્ઝકેશ ઇવોલેટનો ઉપયોગ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.

14. ઈટ્ઝકેશ ઇવોલેટ પર નિષ્ક્રિય એકાઉન્ટ ફી લગાવી શકે છે, જે સમયે સમયે સૂચવી શકાશે.

15. ઍક્ટિવૅશનની તારીખ અથવા પ્રથમ વપરાશની તારીખ, જે કંઈ પહેલાં હોય તે તારીખથી, આ ઈ-વૅલેટ 4 વર્ષ માટે માન્ય છે. ઈ-વૅલેટની અંતિમ તારીખ પછી જે કોઈ વણવપરાયેલી રકમ રહેશે તે, આરબીઆઈ માર્ગદર્શિકાઓ અનુસાર જપ્ત થયેલી રહેશે.

16. વપરાશકર્તા વિજેતા ઇનામ/લોટરી/ઓફર્સ પર કોલ્સ/એસએમએસ/ઇ-મેઇલ્સનો પ્રતિસાદ નહીં આપે, કારણ કે આ બનાવટી કોલ્સ/એસએમએસ/ઇ-મેઇલ્સ હોઈ શકે છે અને કોઈ પણ વ્યક્તિને ઇવોલેટ એકાઉન્ટ નંબર અને પિન નહીં આપે, કારણ કે તેનાથી ઇવોલેટ એકાઉન્ટમાં જમા રકમ ગુમાવવી પડે છે.

17. ઈટ્ઝકેશ ઇવોલ્ટનો કોઈ પણ દૂરુપયોગ કે શરતો અને નિયમોનું ઉલ્લંઘન કરવાથી ઇવોલેટ એકાઉન્ટ બ્લોક/રદ થશે.

18. ઇવોલેટનો ખરીદી માટે એક વખત ઉપયોગ થયા પછી તે વ્યવહાર રદ નહીં થાય.

19. આ ઇવોલેટના ઉપયોગ સાથે સંબંધિત કોઈ પણ વ્યવહારમાંથી ઊભા થતા તમામ વિવાદો મુંબઈ કોર્ટના વિશિષ્ટ કાર્યક્ષેત્રને આધિન રહેશે.

20. આ ઇવોલેટનો ઉપયોગ કરીને થયેલા તમામ વ્યવહારો લાગુ ભારતીય કાયદાને આધિન છે.

21. આ ઇવોલેટ સાથે સંબંધિત તમામ વિવાદો ઈટ્ઝકેશ કાર્ડ લિમિટેડના એકમાત્ર વિવેકને આધિન રહીને ઉકેલવામાં આવશે અને આ સંબંધે ઇટ્સકાર્ડ લિમિટેડનો નિર્ણય અંતિમ રહેશે.

ઉપરોક્ત શરતો અને નિયમો ઈટ્ઝકેશ ઇવોલેટ વપરાશકર્તાને અગાઉથી નોટિસ આપ્યા વિના ફેરફાર, સંશોધન અને સુધારણાને આધિન છે.

કોલ સેન્ટરની માહિતી:

- વધુ વિગત મેળવવા અને પૂછપરછ કરવા અમારા કોલ સેન્ટરનો 022 6112 5757 પર સંપર્ક કરો.

- તમે Itzhelp <Your Query> 57575 લખીને એસએમએસ કરી શકો છો અથવા અમને help@itzcash.com પર ઇમેઇલ કરી શકો છો અથવા ItzCash website ની મુલાકાત લઈ શકો છો અને તમારી પૂછપરછ રજૂ કરવા અને વિગત મેળવવા હેલ્પ ડેસ્ક પર ક્લિક કરી શકો છો.